# આજે રાજ્યની આંગણવાડીના ૧૪ લાખથી વધુ બાળકોને ગણવેશ વિતરણ કરાશે

## ગાંધીનગર ખાતેથી રાજ્યકક્ષાનો સમારોહ ડિજિટલ માધ્યમથી યોજાશે: અન્ય મહાનુભાવો સંબંધિત જિલ્લા મથકોએથી સહભાગી થશે

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યની ૫૩ હજારથી વધુ આંગણવાડીના ૧૪ લાખથી વધુ બાળકોને ગણવેશ વિતરણનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને આજે સવારે ૧૦ : ૩૦ કલાકે ગાંધીનગર ખાતેથી ડિજિટલ માધ્યમ દ્વારા યોજાશે. અન્ય મહાનુભાવો સંબંધિત જિલ્લા મથકોએથી સહભાગી થશે એમ મહિલા અને બાળ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયુ છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર આ રાજયકક્ષાનો કાર્યક્રમ મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા તથા રાજ્યમંત્રી વિભાવરીબેન દવેની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાશે. મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ અને કમિશ્નર કે.કે. નિરાલા સ્વાગત પ્રવચન કરશે તથા આઈ.સી.ડી.એસ.ના નિયામકશ્રી ડી.એન.મોદી આભારવિધિ કરશે.

ગાંધીનગર ખાતે યોજાનાર રાજ્યકક્ષાના આ કાર્યક્રમમાં તમામ જિલ્લાઓ અને મહાનગરોમાં મંત્રીશ્રીઓ અને મહાનુભાવોની હાજરીમાં કોવિડ-૧૯ પ્રોટોકોલનું પાલન થાય તેવી વ્યવસ્થા સાથે કાર્યક્રમ યોજાશે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ગત ગાંધી જંયતિ-૨૦૨૦ નિમિતે યોજાયેલ હેન્ડ વોશિંગ કાર્યક્રમમાં વેબ લિંક દ્વારા એક સાથે પાંચ લાખ લોકો જોડાયા હતા તે રેકોર્ડ બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ, લંડન દ્વારા પ્રમાણપત્ર એનાયત કરાશે.

# ઈરાદાપૂર્વકની ભૂલ-મેલાફાઈડ મિસ્ટેક્સ ચલાવી લેવાશે નહિ : વિજય રુપાણી

## ગાંધીનગરમાં જિલ્લા કલેકટરો-જિલ્લા વિકાસ અધિકારીઓની સંયુકત પરિષદ મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી-મહેસૂલ મંત્રી-પંચાયત રાજ્ય મંત્રીની ઉપસ્થિતિ

ગાંધીનગર, તા ૨૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના જિલ્લા કલેકટરો-જિલ્લા વિકાસ અધિકારીઓની સંયુકત પરિષદમાં સ્પષ્ટપણે નિર્દેશ આપ્યો કે ટેકનોલોજીના ઉપયોગથી જનહિત-લોકસેવાના કામો ટ્રાન્સપેરન્સીથી અને પ્રો-એક્ટિવલી કરીને જ ગુડ ગર્વનન્સનો ધ્યેય પાર પાડી શકાશે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, લોકશાહિ શાસનમાં બંધારણમાં નિહિત અધિકારો-ફરજોના આધારે લોકસેવક તરીકેની મળેલી જવાબદારીને પૂરી નિષ્ઠાથી, ઈમાનદારીથી નિભાવીને લોકોની અપેક્ષા, આકાંક્ષા સંતોષી સરકારની ઉજ્જવળ ઈમેજ-છબિ-પરસેપ્શન પ્રજા માનસમાં જિલ્લા અધિકારી તરીકે તમે જ બનાવી શકો છો.

વિવિધ જિલ્લાઓમાં તાજેતરમાં નવનિયુકત થયેલા કલેકટરો-જિલ્લા વિકાસ અધિકારીઓ સહિતના રાજયભરના કલેકટરો-ડી.ડી.ઓ.ની સંયુકત એકદિવસીય પરિષદનું ગાંધીનગરમાં આયોજન કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ અને પંચાયત રાજયમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર આ પરિષદમાં જોડાયા હતા. મુખ્યમંત્રીએ રાજયના જિલ્લાઓમાં નવનિયુકત થયેલા કલેકટરો-જિલ્લા વિકાસ અધિકારીઓને પ્રોત્સાહિત કરતાં એમ પણ જણાવ્યું કે, હવે વિશ્વમાં બનતી કોઈ પણ સારી બાબતો ટેકનોલોજી-ઈન્ટરનેટ-વેબસાઈટ જેવા માધ્યમોથી તરત લોકો સુધી પહોચી જાય છે. લોકો પણ હવે આવી સારી બાબતો કે કાર્યોનો લાભ પોતાને પણ મળે તેવી અપેક્ષા સાથે ગુડ ડિલીવરીઝની માંગ રાખતા હોય છે.

આવા બદલાયેલા સંજોગોમાં જિલ્લા કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓએ પોતાની આગવી સૂઝથી કામ માથે લઈને કરવાનું દાયિત્વ નિભાવવું પડશે તો જ કાર્યસંસ્કૃતિ વર્કકલ્ચરમાં બદલાવ થશે તેવો મત મુખ્યમંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે આ પરિષદમાં જણાવ્યું કે, રાજ્ય સરકારના વિભાગોના નિર્ણયોની અમલવારીમાં કલેકટરો-જિલ્લા વિકાસ અધિકારીઓની ભૂમિકા મહત્વની છે. તેમણે કહ્યું કે, જિલ્લાઓમાંથી ફિડબેક અને




કામગીરીના સંદર્ભમાં ફોલોઅપની સુદ્રઢ વ્યવસ્થાઓની જિલ્લા તંત્રના વડા તરીકે તેમની પાસેથી અપેક્ષા હોય છે ત્યારે એમાં કોઈ ઢિલાશ ન રહે તે જરૂરી છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ અધિકારીઓ ફિલ્ડ વિઝીટ દરમ્યાન તેમના જિલ્લામાં ચાલતા કે પ્રગતિ હેઠળના વિકાસ કામો, માર્ગ-મકાનના કામો, CHC, PHC, સ્વચ્છતા અભિયાનના કામોની ઓચિંતી મૂલાકાત લઈ ગુણવત્તાની અને કામગીરીની સમયાંતરે તપાસ કરતા રહેશે તો પણ સંબંધિત વિભાગોની સતર્કતા-સજ્જતા વધશે.

# રાજયના ૬૦ આઈપીએસની બદલીની આજકાલમાં સંભાવના

## ૭૭ જેટલા આઇએએસની બદલી થઇ ચૂકી છે : આઇપીએસ, ડીવાયએસપી, પોલીસ ઇન્સ્પેક્ટર, પોલીસ સબ ઇન્સ્પેક્ટર સહિત માળખું બદલાય તેવી સંભાવના

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગરમાં શું સરકારી કચેરીઓમાં શું બને છે તે જાણવાની તાલાવેલી દરેક લોકોને હોય છે. ખાસ કરીને બ્યૂરોક્રસીની ગોસિપ વાંચવાની લોકોને મજા પડે છે. દર સોમવારે અમે પાવર કૉરિડોરના મથાળા હેઠળ આવી જ કેટલીક ગોસિપ વિશે જણાવીશું. તાજેતરમાં રાજયમાં થયેલી આઈપીએસ અધિકારીઓની બદલીની ખૂબ ચર્ચા થઈ રહી છે. આગામી વિધાનસભા ચૂંટણીને લઈને હવે આવનાર બદલીઓ ઘણી મહત્ત્વપૂર્ણ છે. પહેલા જ ૭૭ જેટલા આઈએએસ અધિકારીઓની બદલી થઈ ચૂકી છે. હવે ફરી એક વખત ૬૦ જેટલા આઈપીએસ અધિકારીઓની બદલીનો ગંજીપો તૈયાર છે. વહીવટી તંત્રમાં ફેરફાર બાદ હવે ચૂંટણી પહેલાં જિલ્લા પોલીસ વડા, શહેરોના પોલીસ કમિશનર અને વિભાગના ઉચ્ચ અધિકારીઓમાં ફેરબદલ થશે. ગૃહ વિભાગના સૂત્રોનું માનીયે તો ૬૦થી વધુ આઈપીએસ ઓફિસરોની બદલી થવાની સંભાવના છે. આ વિભાગમાં બદલી સાથે અડધો ડઝન ઓફિસરોને બઢતી પણ આપવામાં આવે તેવી સંભાવના છે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહની હાલમાં જ થયેલી ગુજરાત મુલાકાત બાદ પોલીસ વિભાગમાં ફેરબદલીની સંભાવના અને ચર્ચાઓ તેજ બની છે.

અમિત શાહ સાથે પ્રાથમિક તબક્કે બદલીઓ મુદ્દે સીએમ રુપાણીએ ચર્ચા પણ કરી હોવાનું કહેવાય છે. જોકે, તમામ બદલીઓ રથયાત્રા પહેલા થાય તેવા કોઈ સંકેત નથી. પોલીસ વિભાગમાં આઈપીએસ ઓફિસરો ઉપરાંત ડીવાયએસપી, પોલીસ ઈન્સ્પેક્ટર, પોલીસ સબ ઈન્સ્પેક્ટર સહિત સમગ્ર માળખું બદલાય તેવી સંભાવના છે. આગામી વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને તેમજ આગામી બિગ પ્રોજેકટસને અનુલક્ષીને અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને જામનગરના પોલીસ કમિશર પણ બદલાય તેવી સંભાવના ગૃહ વિભાગ વ્યકત કરી રહ્યું છે. ગુજરાતના વહીવટી તંત્રમાં એવા કેટલાય આઈએએસ ઓફિસર્સ છે જેઓ મલ્ટીટેલેન્ટેડ છે. જેમણે વહીવટી તંત્રમાં તેમને ફળવાયેલા ડિપાર્ટમેન્ટ સિવાય પણ અન્ય જગ્યાઓએ તેમની વિશિષ્ટ આવડતોની નોંધ લેવડાવી છે.

જાપાન ડેપ્યુટેશન પર ગયેલા આઈએએસ મોના ખંધાર સારુ ગાય છે. હાયર એજયુકેશનમાંથી શ્રમ અને રોજગારના અગ્રસચિવ બનેલા અંજુ શર્મા સારા લેખિકા છે. મહિલા બાળ વિકાસના ડીરેકટરમાંથી પોરબંદરના કલેકટર બનેલા અશોક શર્મા એક સારા એક્ટર હોવા ઉપરાંત નિયમિત કટાર લેખક પણ છે. આવા જ મલ્ટીટેલેન્ટેડ અધિકારીઓની શ્રેણીમાં પૂર્વ આરોગ્ય અગ્ર સચિવ અને હાલ પુડુચેરી ખાતે ડેપ્યુટેશન પર મોકલાયેલા ડૉક્ટર જયંતિ રવિનો પણ સમાવેશ થાય છે. ગુજરાત છોડીને પુડુચેરી પહોંચે તે પહેલા જ ગુરુવારે તેઓએ તેમના પુસ્તક સિલ્વર ટ્રી લાઈફનું રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે વિમોચન કરાવ્યું છે.

### હાથમતી નદી કિનારે અંતિમ ધામના સમારકામ બાબતે જન કલ્યાણ યુવા મોરચાના હોદ્દેદારો દ્વારા

# ભિલોડા ગ્રામ પંચાયત કચેરીમાં તલાટી ક્રમ મંત્રીને આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે વાંસળી એપ્રોચ ધોરીમાર્ગ પાસે





હાથમતી નદી કિનારે અંતિમ ધામના સમારકામ,સફાઈ બાબતે જન કલ્યાણ યુવા મોરચાના સેવાભાવી હોદ્દેદારો,કાર્યકરો ધ્વારા ભિલોડા ગ્રામ પંચાયત કચેરી,તલાટી ક્રમ મંત્રી કૃપાબેન પટેલને આવેદનપત્ર અપાયું હતું.જન કલ્યાણ યુવા મોરચાના અધ્યક્ષ સહિત જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે ભિલોડાનગરના હાથમતી નદી કિનારે વાંસળી એપ્રોચ ધોરીમાર્ગ પાસે આવેલ વર્ષો જુના અંતિમ ધામની દુર્દશા જોવા મળે છે.સાફ-સફાઈનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે.સ્મશાનની છતના લોખંડના પતરાં ક્યાંક સડી ગયા તો ક્યાંક તુટી ગયા છે.ચોમાસા દરમ્યાન ભારે મુશ્કેલી સર્જાઈ તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.લાકડા,પાણી,લાઈટ તેમજ પ્રાથમિક જરૂરીયાત વાળી કોઈ જ વ્યવસ્થા નથી ત્યારે યોગ્ય વ્યવસ્થા કરવા સારૂ લેખિતમાં આવેદનપત્ર રૂપી જણાવ્યું હતું.સત્વરે અંતિમ ધામનું સમારકામ હાથ ધરવા પ્રબળ લોકમાંગણી છે.

(૧) સ્મશાનની ભઠ્ઠીઓની એન્ગલો તુટેલી હાલતમાં છે.(૨) સ્મશાનમાં લોખંડના અમુક પતરાં સડી ગયા છે. (૩) સ્મશાન પાસે આવેલ હવાડામાં અબોલા પશુ-પંખીઓ માટે પાણી ભરાતું નથી (૪) સ્મશાનની અંદર લાકડા અને લાઈટનો સદંતર અભાવ જોવા મળે છે. (૫) સ્મશાનની અંદર તેમજ આજુ-બાજુમાં અસહ્ય ગંદકી અને બાવળોનું સામ્રાજ્ય ફેલાયું છે.(૬) સ્મશાનનો અસામાજીક તત્વો દુરઉપયોગ કરી રહ્યા છે.(૭) સ્મશાનની અંદર આવેલ રૂમનું સમારકામ હાથ ધરવું આવશ્યક છે.અંતિમ ધામનું વ્યવસ્થિત રીતે સમારકામ અને બ્યુટીફિકેશન વહેલી તકે કરવામાં આવે તેવી જાગૃત ગ્રામજનોની માંગણી છે.

### પ્રાંતિજ સિનિયર સીટીઝન મંડળ દ્વારા

# પરિવાર કલ્યાણ નિધિ યોજના અંતર્ગત મૃતકના પરિવારને ચેક અર્પણ

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત પ્રાંતિજ સિનિયર સીટીઝન મંડળ દ્વારા આયોજીત પરિવાર કલ્યાણ નિધી યોજના અંતર્ગત મંડળ ના એક સભ્ય નુ અવસાન થતા તેના પરિવાર ને શ્રધ્ધાંજલી સાથે ચેક અર્પણ કરવામા આવ્યા હતા.



પ્રાંતિજ શહેરમા કાર્યરત સિનિયર સીટીઝન મંડળ દ્વારા તાજેતરમા મંડળના સભ્ય સ્વ. લક્ષ્મીબેન ભઈલાલ ભાઈ પટેલ નુ ટુંકી માંદગી બાદ દુઃખદ અવસાન થતા આ મંડળ આયોજીત પરિવાર કલ્યાણ નિધિ યોજના અંતર્ગત તેમના ધરે જઈ ને પરિવાર ને રૂપિયા ૧૧,૦૦૦ ના ચેક અર્પણ કરવામા આવ્યા હતો પ્રાંતિજ સિનિયર સીટીઝન મંડળ ના પ્રમુખ સી.કે.પટેલ , ઉપપ્રમુખ મનુભાઈ પટેલ , શરદચંદ્ર પરીખ , મંત્રી શર્મિષ્ઠાબેન ખમાર , ધનજીભાઈ પટેલ , મુકુન્દ ભાઈ કસ્બાતી તેમજ અન્ય કારોબારી સભ્યો ઉપસ્થિત રહીને મૃતક ના પરિવાર ને સાંત્વના આપીને યોજનામા જોડાયેલા સભ્ય પૈકીના મૃતક ના પરિવાર ને શોક ઠરાવ સાથે રૂપિયા-૧૧હજાર ના ચેકો આપવામા આવ્યો હતો તો પ્રાંતિજ સીનીયર સીટીઝન ના સેવાભાવી હોદ્દેદારો દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ તેમજ કલ્યાણ કારી યોજના ઓની સમગ્ર પંથક મા સરાહના થઈ રહી છે .તો માતૃછાયા સોસાયટી ના પ્રમુખ ધનજીભાઈ પટેલ , ઈશ્વરભાઈ પટેલ , અંબાલાલ ભાઈ પટેલ સહિત સભ્યો દ્વારા સોસાયટી ના સભ્ય નુ દુઃખદ અવસાન થતા શોક ઠરાવ સાથે શોક વ્યક્ત કર્યો હતો અને પરિવાર જનોને સાંત્વના આપી હતી.

# પ્રાંતિજ ખાતે ડૉકટરો, ૧૦૮નો સ્ટાફ, સેવાભાવી સંસ્થાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ડોક્ટરો, ૧૦૮નો સ્ટાફ, સેવાભાવી સંસ્થાઓ, આગેવાનોનુ પ્રમાણ પત્ર આપીને સન્માન કરવામા આવ્યુ.



પ્રાંતિજ ખાતે સેવાભાવી સંસ્થા તરીકે કાર્યરત જાયન્ટસ ગ્રુપ ઓફ પ્રાંતિજ તથા મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજ તથા એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ ગાયત્રી હોસ્પિટલ ખાતે કોરોના વોરિયર્સો નુ સન્માન કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજના ડોક્ટરો, ૧૦૮ નો સ્ટાફ , સેવાભાવી સંસ્થાઓ તથા કોરોના કપરા કાળમાં પોતાની જાનની પરવા કયા વગર સેવા કરી રહેલ વિવિધ સમાજ ના આગેવાનો સરપંચો નુ સન્માન પત્ર આપી ને સન્માન કરવામા આવ્યુ હતુ જેમા કોરોના વોરિયર્સો મા ડાંકટર નિતીનભાઈ પટેલ, ડોક્ટર નિલય ભાઈ, ડાંકટર કેયુરભાઈ પ્રજાપતિ તથા વિનોદભાઈ દરજી, ૧૦૮ની ટીમ , નગરપાલિકા ના પ્રમુખ દિપકભાઈ કડીયા, સી.કે.પટેલ, ધનશ્યાભાઈ ભાવસાર, શહિદ ભાઈ ભાણા વાલા, જમનાદાસભાઈ વકીલ, શામળભાઈ પટેલ, સહિત ના કોરોના વોરિયર્સ નુ પ્રમાણ પત્ર આપીને સન્માન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે જાયન્ટસ સ્થાપક ડાં.એન.કે.ડેરીયા, જાયન્ટસ પ્રમુખ ડાં.કેયુરભાઈ પ્રજાપતિ , મહંત સુનીલદાસ મહારાજ, મંત્રી હાર્દિક ભાઈ બ્રહ્મભટ્ટ, વજેશભાઈ ભાવસાર સહિત જાયન્ટસ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## સિદ્ધરાજ ઝાવોડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મિલકત ખાલી કરવા અંગે અવારનવાર ટેલીફોનીક અને રૂબરૂ ચૈતન્યભાઈએ જણાવ્યું હતું. બે ઓફિસો પર કબ્જો જમાવી મિલકત પચાવી પાડવા વિજયભાઈએ બિલ્ડર સાથે ના સંપર્કો પણ કાંપી નાખ્યા હતા. ઓફિસો ખાતે તપાસ કરતા વિજયભાઈ મળી આવ્યા ન હતા પરંતુ એક મહિલા મળી આવ્યા હતા જેમનુ નામ વીણાબેન હતુ અને તેઓએ તેમની ઓળખ વિજયભાઈના પત્ની તરીકે આપી હતી. તેઓએ પણ ઓફિસો ખાલી નહી થાય અને તમારાથી જે થાય તે કરી લો તેમ કહીને જો ઓફિસ અંગે આવશો તો ખોટા પોલીસ કેસમાં ફસાવી દઈશું. તેમ જણાવતા બિલ્ડરે પોતાની ઓફિસો અંગે જિલ્લા કલેકટર અને એલસીબી કચેરી ખાતે અરજી કરી હતી. અરજીની તપાસમાં તથ્ય જણાતા લેન્ડ ગ્રેબીંગ એકટ અને વિશ્વાસઘાત છેતરપિંડીની ફરીયાદ સેકટર-૭ પોલીસ મથકે નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## વધતો ત્રાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાદ એક દાયકાના અંતે પણ શહેરમાંથી રખડતા ઢોર અને ગંદકીનો પ્રશ્ન પણ હલ થયો નથી. હાલ વરસાદી દિવસોમાં શહેરમાં રખડતા ઢોરના મામલે છેવાડાના ગામ જેવા દ્રશ્યો જોવા મળે છે. નગરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક રસ્તાઓ પર રખડતા ઢોર જોવા મળે છે. ઉભા આડા માર્ગોની વચાળે અડ્ડો જમાવતા ઢોરના લીધે ટ્રાફિક જામ પણ થાય છે. માર્ગો વચાળે ડિવાઈડરમાં પણ રખડતા ઢોર બેઠેલા જોવા મળે છે. સેકટરોમાં રખડતા ગાય અને આખલાના લીધે રહીશો માટે અનેકવાર જોખમી સ્થિતિ સર્જાય છે. આમછતા કોર્પોરેશનનુ તંત્ર આ સમસ્યા હલ કરવા માટે કોઈ અસરકારક આયોજન કરી શકયુ નથી. વર્ષમાં બે ચાર વાર ઢોર પકડવાની ઝુંબેશ હાથ ધરીને જાણે આ સમસ્યા હલ થઈ ગઈ હોય તેમ સેકટરવાસીઓની સલામતીને રામભરોસે મુકી દે છે. હાલ શહેરમાં નજર નાંખો ત્યાં ઢોર રખડતા જોવા મળે છે. માર્ગો પર જતા વાહનો માટે જોખમી સ્થિતિ સર્જાય છે. રખડતા ઢોરના લીધે ગંદકી અને માર્ગ સલામતીની સમસ્યા પેચીદી બની છે.

સેકટરોમાં આમ પણ તોફાન મચાવતી વાનર ટોળકી રહીશો માટે મુસીબતનુ કારણ બની છે જયારે રખડતા આખલા પણ ઘણીવાર રહેણાંક વિસ્તારમાં જ તોફાની બને છે. જેના લીધે અનેકવાર રહીશોને લોહીયાળ ઈજા થઈ હોવાના પણ કીસ્સા છે. કોર્પોરેશન દ્વારા રખડતા ઢોરની સમસ્યામાંથી શહેરને કાયમી મુક્ત કરવા માટે અસરકારક આયોજન કરવામાં આવે તેવી માંગણી અને લાગણી પ્રબળ બની છે.

## દૂષિત પાણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જયારે શહેરીજનોની જાગૃતિના અભાવે પણ ગટર લાઈનમાં કચરો જતા લાઈન ચોકઅપ થઈ જતા ગટર લાઈનની સમસ્યા પેચીદી બની છે. સેકટરોમાં ગટરના મેઈનહોલ તુટી જતા હોવાની ફરિયાદો પણ વિશેષ છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા છેલ્લા કેટલાક સમયથી ગટર લાઈનના મેઈન હોલના ગાબડા પુરવા માટે પણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

બીજીતરફ વરસાદી દિવસોમાં રહેણાંક વિસ્તારમાં ગટરનુ પાણી બેક મારતુ હોવાના લીધે રોગચાળાની દહેશત પણ વ્યાપી છે. સેકટરોમાં ગટર લાઈનની સફાઈ માટે રોબોર્ટ મશીન પણ કાર્યરત છે. આ ઉપરાંત જેટીંગ મશીનની પણ મદદ લેવામાં આવે છે. પરંતુ ગટર લાઈન અપગ્રેડ નહી થાય ત્યાં સુધી સેકટરોમાં વારંવાર ફરિયાદો ઉઠતી રહેશે. આવા સંજોગોમાં તંત્ર માટે પણ કામ કરવાનુ મુશ્કેલ બન્યુ છે. એકબાજુ કોરોનાની મહામારીના લીધે આમ પણ નાગરિકો ગભરાયેલા છે. ત્યારે પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્ન મંડરાય છે. ગટરનુ દુષિત પાણી પણ બેક મારતા સ્થાનિકોને રોગચાળાની દહેશત સતાવી રહી છે સેકટરોમાં આ સમસ્યા ત્વરિત દુર થાય તેવી માંગણી પણ ઉઠવા પામી છે.

## વર્ચ્યુઅલ બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણી પુરવઠાના ૭૪, ગંદા વસવાટની વાતાવરણલક્ષી સુધારણાના ૭૯, સ્થાનિક વિકાસના ૫૪, પ્રાથમિક શિક્ષણના ૨૫, વીજળીકરણના ૧૫, ભૂમિ સંરક્ષણના ૩૨ જેટલા કામો સૂચવવામાં આવ્યા છે.

આ બેઠકમાં પ્રભારી મંત્રી ઉપરાંત પ્રભારી સચિવ, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લાના પાંચ ધારાસભ્યો, જિલ્લા પંચાયત પ્રમુખ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તેમજ અન્ય અધિકારીઓ જોડાશે.

જિલ્લા આયોજન મંડળની આજની બેઠક બાદ જિલ્લામાં વિકાસના કામોને નવો વેગ મળશે. જિલ્લામાં ૧૫મા નાણાંપંચના કામો શરૂ કરવાને લઈ એક તરફ પંચાયતોમાં દ્વિધા પ્રવર્તી રહી છે તેમજ સરપંચોને માર્ગદર્શન પણ અપાયુ નથી અને ઘણી મોટી રકમ વણવપરાયેલી પડી રહી છે જે નોંધનીય છે. ગ્રામીણ વિસ્તારમાં વિકાસના કામો ઝડપથી હાથ ધરવાની માંગ પણ વધી રહી છે જે નોંધનીય છે.

## પ્રેક્ટીકલ લેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાંથી ૧૯૫ જેટલી અરજીઓ યોગ્યતા ધરાવતી ન હતી. ૧૫૦ જેટલી અરજીઓ મેરીટના આધારે ચકાસણીને અંતે અલગ તારવવામાં આવી હતી.

આ અલગ તારવેલી અરજીઓમાંથી ૩૫ અરજદારોને બોલાવવામાં આવ્યા હતા જે પૈકી ૭ અરજદારો ગેરહાજર રહ્યા હતા અને ૨૮ ઉમેદવારોના ઈન્ટરવ્યુ થયા હતા.

ઈન્ટરવ્યુ પૂર્ણ થયા બાદ સમિતિ દ્વારા ૧૦ની પસંદગી કરવામાં આવશે અને ૩ જેટલા ઉમેદવારોનું વેઈટીંગ લીસ્ટ બનાવવામાં આવશે. આગામી સપ્તાહમાં પસંદગી પામેલા ઉમેદવારોને સીધો નિમણુંક પત્ર આપવામાં આવશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સહયોગ સંકુલમાં આજે કેટલાક અરજદારોએ હોબાળો સર્જી અરાજકતા ઉભી કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે ઈન્ટરવ્યુ મનપાની કચેરીમાં યોજવામાં આવ્યા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ